# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

ભારત સરકાર તથા રાજય સરકારની વિવિધ યોજનાઓનો રાજયના છેવાડાના માનવી સુધી પાત્રતા ધરાવતા તથા નબળા વર્ગના લાભાર્થીઓને લાભ મળી રહે તે માટે રાજય સરકાર ધ્વારા વિવિધ પૂરતા પ્રયાસો કરવામાં આવે છે. સદર બાબત ધ્યાન રાખી ભારત સરકાર ધ્વારા જનમાનસ સુધી પ્રજા કલ્યાણકારી યોજનાનો વ્યાપ તમામ નાગરિકો સુધી પહોંચાડવા અને જાગૃતિ ફેલાવવા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ-૩૦ ઇલેકશન વોર્ડમાં વોર્ડ દીઠ-૨ યાત્રા એમ કુલ ૬૦ સ્થળો પર આયોજન કરવામાં આવેલ છે.

આજરોજ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં ઇલેકશન વોર્ડ નં. ૧૮ નગર પ્રાથમિક શાળા નં. ૩૦૪, ૩૨૭ પર્વતગામતળ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો શુભારંભ ડે.મેયર ડો.નરેન્દ્રભાઈ પાટીલના વરદહસ્તે કરવામાં આવેલ.

સદર કાર્યક્રમ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિધ્યાર્થીઓ ધ્વારા ઉપસ્થિત મહાનુભવોનું કંકુ તિલક અને ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ તથા સુમન શાળાના વિધ્યાર્થીઓ ધ્વારા કૃતિઓ રજુ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવો ધ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું પૂજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.ડે.મ્યુ.કમિશનર અને ઝોનલ ચીફશ્રી નિલેશભાઈ પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં સુરત અવ્વલ છે.

માન.મ્યુ.સદસ્યશ્રી ગેમરભાઈ દેસાઈએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે વિકસિત ભારત સંકલ્પ યાત્રા ધ્વારા લિંબાયત ઝોનમાં વધુમાં વધુ નાગરીકો સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લઈ અને છેવાડાના માનવી સુધી આ વિવિધ યોજનાઓની જાણકારી મળે તેનો સંકલ્પ કરવાનો છે. માન.મ્યુ.સદસ્ય શ્રી દિનેશભાઈ પુરોહિતે તેમના પ્રવચનમાં જણાવ્યું કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એ વર્ષ ૨૦૪૭માં ભારત દેશને વિકસિત બનવવાનો સંકલ્પ કર્યો છે.તે અંતર્ગત વિકસિત ભારત યાત્રાનો આજરોજ લિંબાયત ઝોનમાં આગમન થયું છે. ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી ૧૫ નવેમ્બર થી ૨૬મી જાન્યુઆરી ૨૦૨૪ સુધી દેશના દરેક નાગરિકને વિવિધ લોકકલ્યાણકારી યોજનાનો લાભ પહોચડવામાં આવશે.દરેક હકદાર સુધી લાભ પહોંચે તે માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી છેલ્લા ઘણા વર્ષથી સરકારી યોજનાનો લાભ હક્કદાર સુધી પહોંચે તેનો અથાંગ પ્રયત્ન કરી રહ્યા છે.

માન.ડે.મેયર ડો.નરેન્દ્રભાઈ પાટીલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકસિત ભારત સંકલ્પ યાત્રા ભારત દેશ વર્ષ ૨૦૪૭ માં વિકસિત ભારત બને તે માટે દરેક યોજના દરેક ઘર સુધી પહોચે તે માટેની યાત્રા છે અને સીધે સીધી દરેક યોજના દરેક નાગરિક સુધી પહોચે તે માટેનો પ્રયાસ છે.છેવાડાના દરેક નાગરીક સુધી સરકારશ્રીની વિવિધ યોજના પહોંચે તે માટે સુરત મહાનગરપાલિકાના દરેક તમામ ઈલેકશન વોર્ડમાં આ કાર્યક્રમ કરવામાં આવી રહયો છે.વધુમાં વધુ લાભાર્થી આ યોજનાનો લાભ મેળવી શકે તેવો અનુરોધ છે..ત્યારબાદ વિવિધ યોજનાના લાભાર્થીઓને મહાનુભવોના વરદહસ્તે પ્રતિકાત્મક લાભ આપવામાં આવેલ. વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ઉપસ્થિત મહાનુભવો ધ્વારા ફલેગ ઓફ કરી પ્રસ્થાન કરાવવામાં આવેલ.

આજરોજ સાંજે ૦૪:૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના લીંબાયત ઝોનમાં કુંભેશ્વર મહાદેવ મંદિર, કુંભારિયા ગામ ખાતે માન.સ્થાનિક મ્યુ.સદસ્યશ્રીના વરદ્હસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ.

આ કાર્યકમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.ડે.મ્યુ.કમિશનર અને ઝોનલ ચીફ શ્રી નિલેશભાઇ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન વર્ષ-૨૦૪૭ સુધીમાં સમગ્ર ભારત વિકસિત બને તે માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરવામાં આવેલ છે.જે સૌપ્રથમવાર કનકપુરથી સુરત શહેરમાં અને આજરોજ સવારે લિંબાયત ઝોનમાં પ્રારંભ કરવામાં આવેલ આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો મુખ્ય હેતુ ભારત સરકાર ગુજરાત સરકાર અને સુરત મહાનાગપાલિકાની વિવિધ લાભદાયી યોજનાઓ ખરેખર હક્કદાર હોય તેવા તમામ છેવાડાના માનવી સુધી મેસેજ પહોચાડવાનો છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લોકોને મેસેજ મળી રહે અને પાત્રતા ધરાવનાર નાગરિક લાભ મેળવે તેવો અનુરોધ કરેલ.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મ્યુ. સદસ્ય શ્રી ગેમરભાઇ દેસાઇએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે, આપણે સૌએ આજરોજ આપણા રાષ્ટ્રના મહામહિમ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ અને વિકસિત ભારત સંકલ્પ યાત્રાના પ્રણેતા માન. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો વિડિયો સંદેશ સાંભળ્યો.સામાન્ય વ્યકિતઓને પડતી તકલીફોનું નિરાકરણ કરી શકાય તે માટે સરકારશ્રી ધ્વારા આ જનહિતલક્ષી યોજનાઓ ઉપલબ્ધ કરાવી છે. માતા-બહેનો, બાળકો, યુવાનો, ઉધ્યોગપતિ અને સમાજના દરેક વર્ગ માટેની આ યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડી શકાય તે માટે બિરસા મુંડાની જન્મજંયતિથી ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ સુધી આ યાત્રા યોજાયેલ છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મ્યુ. સદસ્યશ્રી દિનેશભાઇ રાજપૂરોહિતે તેમના પ્રવચનમાં જણાવ્યું કે, દેશના જનજન સુધી પોતાનો હકક અને અધિકાર મળી રહે અને એમનું જીવન સ્તર ઉચું આવે તે માટે વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે. નાગરિકોને એક જ સ્થળે થી વિવિધ યોજનાઓની જાણકારી મળી રહે તે આશયથી આ કાર્યક્રમના સ્થળે વિવિધ યોજનાના સ્ટોલ મુકવામાં આવેલ છે. સુરત શહેરમાં પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મહત્તમ લાભ લોકોએ મેળવ્યો છે. વધુમાં તેમણે સરકારની આ યોજનાઓનો પાત્રતા ધરાવનાર વ્યકિતઓ લાભ મેળવે તેઓ અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમના સ્થળે પીએમ સ્વનિધી યોજના, પીએમ વિશ્વકર્મા યોજના, પીએમ ઉજ્જવલા યોજના, પીએમ મુદ્રાલોન યોજના, સ્ટાર્ટ અપ ઇન્ડીયા, સ્ટેન્ડઅપ ઇન્ડીયા, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પીએમ આવાસ યોજના, સ્વચ્છ ભારત અભિયાન (અર્બન), અટલ મિશન ફોર રેજુવેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત), પીએમ ભારતીય જનઔષધી પરિયોજના, ઉજાલા/ સૌભાગ્ય યોજના, ડીજીટલ પેમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર, ખેલો ઇન્ડીયા, આરસીએસઃ ઉડાન, વંદે ભારત ટ્રેન અને અમૃત ભારત સ્ટેશન યોજનાની પ્રચાર/પ્રસાર માટે સ્ટોલ રાખવામાં આવેલ છે જેનો પાત્રતા ધરાવનાર શહેરીજનોને વધુમાં વધુ લાભ લેવા અનુરોધ છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન.નેતા શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન.વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ, માન.મ્યુ. સદસ્યશ્રીઓ, પત્રકાર મિત્રો તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૩૯૮, તા.૨૯/૧૧/૨૦૨૩